લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા
"આધાર ઓળખ" આધારિત કરવા
બાબત.

ગુજરાત સરકાર
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
પરીપત્ર ક્રમાંક: વભદ/૧૦૨૦૧૭/૭૫/ક
સચિવાલય,ગાંધીનગર
તા. ૨૯/ ૦૬/ ૨૦૧૯

**વંચાણે લીધા :-**

૧. અન્ન સલામતિ કાયદો, ૨૦૧૩.
૨. આધાર (ટાર્ગેટેડ ડીલીવરી એન્ડ ફાઈનાન્શીયલ એન્ડ અધર સબસીડાઈઝડ બેનીફીટસ એન્ડ સર્વિસીસ) કાયદો, ૨૦૧૬.
૩. ભારત સરકારનું તા.૦૮/૦૨/૨૦૧૭ નું જાહેરનામું ક્રમાંક - S.O.371(E)
૪. ભારત સરકારના કેબીનેટ સેક્રેટરીના તા.૧૯/૧૨/૨૦૧૭નું ઓફિસ મેમોરેન્ડમ ક્ર. D-26011/04/2017-DBT.
૫. ગુજરાત સરકારનું આ વિભાગનું જાહેરનામું તા.૧૦/૦૧/૨૦૧૮ના ક્રમાંક જીટીએચ/૨૦૧૮/૧/પીડીએસ /૧૧૨૦૧૭/૧૨૯૬/ક
૬. ગુજરાત સરકારનો આ વિભાગનો પરિપત્ર ક્રમાંક વભદ/૧૦૨૦૧૭/૭૫/ક તા.૦૧/03/૨૦૧૮
૭. ગુજરાત સરકારના આ વિભાગના તા.૧૦/૦૫/૨૦૧૮નું ક્રમાંક જીટીએચ/૨૦૧૮/૧૩/ પીડીએસ/૧૧૨૦૧૭ /૧૨૯૬/કનું જાહેરનામુ
૮. ગુજરાત સરકારનો આ વિભાગનો પરિપત્ર ક્રમાંક વભદ/૧૦૨૦૧૭/૭૫/ક તા.૨૮/૦૫/૨૦૧૮
૯. ભારત સરકારનું તા.૨૭/૧૨/૨૦૧૮ નું જાહેરનામું ક્રમાંક - S.O.૬૩૫૩(E)
૧૦. ગુજરાત સરકારના અ.ના.પુ. અને ગ્રા.બા.ના વિભાગના તા. ૧૨/૦૨/૨૦૧૯ના ક્રમાંક જીટીએચ/૨૦૧૯/૩૧/પીડીએસ /૧૧૨૦૧૭/૧૨૯૬/કનુ જાહેરનામુ
૧૧. ગુજરાત સરકારના અ.ના.પુ. અને ગ્રા.બા.ના વિભાગના તા. ૨૬/૦૪/૨૦૧૯ના ક્રમાંક જીટીએચ/૨૦૧૯/03/પીડીએસ /૧૧૨૦૧૭/૧૨૯૬/કનુ જાહેરનામુ

**પરિપત્ર :-**

લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રાજયની તમામ વાજબી ભાવની દુકાનોમાં તા.૩૧-03-૨૦૧૮થી આધાર આધારિત વિતરણ વ્યવસ્થાનું અમલીકરણ કરવાની પ્રક્રિયા હાલ અમલમાં છે. તદાનુસાર લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વિતરીત થતી આવશ્યક

ચીજવસ્તુનું વિતરણ જે તે સંબંધિત રેશનકાર્ડ ધારકના આધારના ડેટા સાથે મેચ કરીને એટલે કે આધારના ડેટાથી ઓળખ પ્રસ્થાપિત કરીને કરવાનું રહે છે.

પરંતુ આ પ્રક્રિયા દરમિયાન કોઈ લાભાર્થી તેને મળવાપાત્ર લાભથી વંચિત ન રહે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે. સંદર્ભ (૬) અને (૮)માં જણાવેલ પરિપત્રોથી નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવે છે.

લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ લાભાર્થીએ લાભ મેળવવા માટે જેમની પાસે આધાર નંબર ઉપલબ્ધ નથી કે જેમણે હજી સુધી આધાર નંબર મેળવવા માટે નોંધણી કરાવેલ નથી તેવા લાભાર્થીએ મળવા પાત્ર લાભ મેળવવા માટે સંદર્ભ (૧૧) માં જણાવેલ જાહેરનામા મુજબ તા.૩૦/૦૬/૨૦૧૯ સુધીમાં આધાર નોંધણી માટેની કાર્યવાહી કરવાની રહેશે.

જીલ્લા વહીવટી તંત્રએ લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત લાભાર્થી રાહત દરે લાભો મેળવવા માંગતા હોય તેમના માટે આધાર નોંધણી માટે વ્યવસ્થા તથા સહાય ઉપલબ્ધ કરાવવા માટે કાર્યવાહી કરવાની રહેશે. જે લાભાર્થી ઇઆઇડી(EID) સ્લીપ ધરાવે છે તે તમામ લાભાર્થીને અગ્રતાના ધોરણે આધાર કાર્ડ મેળવવા માટેની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવાની જવાબદારી સંબંધિત મામલતદાર/ઝોનલ અધિકારીની રહેશે.

ઉપરોક્ત વ્યવસ્થા અંતર્ગત લાભાર્થી આધાર કાર્ડ ધરાવતા ન હોય અથવા આધાર કાર્ડ માટે અરજી કરેલ છે પરંતુ હજુ સુધી આધારકાર્ડ મળેલ નથી અને ઇઆઇડી (EID) સ્લીપ ધરાવે છે, તે બન્ને સંજોગોમાં સંદર્ભ (૫) થી નિયત થયેલા નીચે મુજબના વૈકલ્પિક પુરાવા લાભાર્થીએ રજુ કરી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| 1. ચુંટણી ઓળખ કાર્ડ | 5.પાસપોર્ટ | 9.રાજ્યપત્રિત અધિકારી દ્વારા આપેલ ઓળખ કાર્ડ |
| 2. પાન કાર્ડ | 6.નરેગા કાર્ડ | 10.પોસ્ટ વિભાગ દ્વારા આપેલ એડ્રેસ કાર્ડ (ફોટો તથા નામ સાથે) |
| 3.ડ્રાઈવીંગ લાઈસન્સ | 7.કિસાન ફોટો પાસબુક | 11.એલપીજી ગેસ ગ્રાહકની બુક/ગ્રાહક નંબર |
| 4.ફોટો સાથે બેંક પાસબુકની નકલ | 8.મામલતદાર દ્વારા આપેલ ઓળખ કાર્ડ | 12.શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર/જન્મનું પ્રમાણપત્ર |
| 13. રાજ્ય સરકાર અન્ય કોઇ ઓળખ કાર્ડ માન્ય કરે તે | | |

ઉપરોક્ત બાબતની વિગતવાર નોંધ વાજબી ભાવના દુકાનદારે efps.gujarat.gov.in પર (કે જે વાજબી ભાવના દુકાનદાર ને એપ્લીકેશન આપવામાં આવેલ છે અને તેનો લોગ

ઇન આઇ.ડી – પાસવર્ડ આપવામાં આવેલ છે) નોંધવાની રહેશે અને ત્યારબાદ લાભાર્થીને મળવાપાત્ર લાભનું વિતરણ કરવાનુ રહેશે.

ઉપરોક્ત efps Web Application સાથે ટેકનિકલ કારણોસર (technological reasons) જોડાણ શક્ય ન બને ત્યારે આ વિભાગના તા.૦૧/ ૦૩/ ૨૦૧૮ના પરિપત્ર ક્રમાંક :વભદ/૧૦૨૦૧૭/૭૫/ ક થી નિયત થયા મુજબના રજીસ્ટર અ અને રજીસ્ટર બ (જે લાગુ પડતુ હોય) તેમાં લાભાર્થીની વિગતો નોંધ્યા બાદ જ મળવાપાત્ર લાભનું લાભાર્થીને વિતરણ કરવાનું રહેશે અને ટેકનિકલ ક્ષતિનું નિરાકરણ થયેથી ઉપરોક્ત efps Web Applicationમાં તેની ડેટા એન્ટ્રી વાજબી ભાવના દુકાન સંચાલકોએ અવશ્ય કરવાની રહેશે, જેથી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા બંધ જથ્થાની વિગતો મેળવી શકાય અને આવશ્યક ચીજવસ્તુની ફાળવણી તથા વિતરણ પધ્ધતિ સુચારૂ રૂપે અમલમાં મુકી શકાય.

ઉપરોક્ત તમામ કાર્યવાહી દરમ્યાન આધાર એક્ટ અંતર્ગત નિયત થયેલ વ્યક્તિગત ગોપનિયતા જળવાય તે સંબંધિતોએ અવશ્યપણે જોવાનું રહેશે.

નાયબ મામલતદાર / ઝોનલ અધિકારીએ વાજબી ભાવના દુકાનદાર દ્વારા નિભાવેલ રજીસ્ટર 'અ' તથા 'બ' ની ચકાસણી કરી માસના અંતે સહી કરીને તેને પ્રમાણિત કરવાનું રહેશે.

ઉપર્યુકત સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા સર્વે સંબંધિતોને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કિશોરકુમાર એસ.રાણા)
ઉપસચિવ
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

(૧) માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

(૨) માન.મંત્રીશ્રી, અન્ન,નાગરિક પુરવઠાના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ સચિવાલય, ગાંધીનગર

(3) માન. રા. ક. મંત્રીશ્રી. અ. ના. પુ. ના. અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨ સચિવાલય ગાંધીનગર.

(૪) અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા.વિભાગ સચિવાલય, ગાંધીનગર

(૫) નિયામકશ્રી, અન્ન, અને નાગરિક પુરવઠાની કચેરી, સચિવાલય, ગાંધીનગર

(૬) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. સેક્ટર-૧૦એ, ગાંધીનગર

(૭) અન્ન નિયંત્રકશ્રી, અન્ન નિયંત્રકશ્રીની કચેરી, અમદાવાદ શહેર, બહુમાળી બિલ્ડીંગ, લાલ દરવાજા, અમદાવાદ

(૮) સર્વે જિલ્લા કલેક્ટરશ્રી

(૯) સર્વે જિલ્લા પુરવઠા અધિકારીશ્રી

(૧૦) વિભાગના સીસ્ટમ મેનેજરશ્રી (વિભાગની વેબસાઇટ પર મુકવા સારૂ)

(૧૧) સિલેક્ટ ફાઈલ

Received
[illegible]/07/19